# ગુજરાત જાહેર સેવા આયોગ

## છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## <u>અગત્યની જાહેરાત</u>

### જાહેરાત ક્રમાંક ૭૩/૨૦૨૦-૨૧, પેડીયાટ્રીક સર્જરી વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧) ની જગ્યાઓમાં ફેરફાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પેડીયાટ્રીક સર્જરી વિષયના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧ સંવર્ગમાં વિભાગે અગાઉ મોકલેલ માંગણીપત્રકને આધારે બિન અનામત વર્ગની કુલ ૦૨ જગ્યા માટે આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક ૭૩/૨૦૨૦-૨૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

વિભાગ દ્વારા તાજેતરમાં આ સંવર્ગમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરીની ૦૧ જગ્યા સીધી ભરતીથી ભરવા માટેનું મોકલેલ માંગણીપત્રક અને સદરહુ જાહેરાત અન્વયે પ્રાથમિક કસોટી યોજાવાની હજુ બાકી હોઈ આયોગ દ્વારા આ સંવર્ગની ચાલુ જાહેરાત **(જાહેરાત ક્રમાંક ૭૩/૨૦૨૦-૨૧) re-open કરી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરીની ૦૧ જગ્યા માટે** આ કેટેગરીના ઉમેદવારોને અરજી કરવાની તક આપવા દેવાનો નિર્ણય કરેલ છે. તદનુસાર આ જાહેરાત **તા. ૧૮/૦૫/૨૦૨૧ થી તા. ૦૧/૦૬/૨૦૨૧ સુધી ઓનલાઇન re-open** કરવામાં આવનાર છે. સબંધિત ઉમેદવારોએ અરજી કરતા નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1) re-open કરવામાં આવતી આ જાહેરાત અન્વયે નવી ૦૧ જગ્યા માત્ર સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરીની ઉમેરાયેલ હોઇ, માત્ર સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારો જ અરજી નોંધાવી શકશે. અન્ય કેટેગરીના ઉમેદવારો આ re-open થતી જાહેરાત અન્વયે ઉમેદવારી નોંધાવી શકશે નહી. એટલે કે જે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ મૂળ જાહેરાત અન્વયે ઉમેદવારી નોંધાવેલ નથી/નોંધાવવાની રહી ગયેલ છે. તેઓ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટગરી હેઠળ ઉમેદવારી નોંધાવી શકશે.

2) જો સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ના કોઇ ઉમેદવારે મૂળ જાહેરાતમાં બિન-અનામત કેટેગરી હેઠળ ઉમેદવારી નોંધાવી હોય અને જો તેઓ re-open થતી જાહેરાત અન્વયે હવે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરીની ૦૧ જગ્યા હેઠળ અરજી કરવા માંગતા હોય, તો તેઓ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરી હેઠળ નવેસરથી અરજી કરી શકશે. તદનુસાર તેઓની મૂળ જાહેરાત અન્વયેની બિન-અનામત કેટેગરી હેઠળની અગાઉ કરેલ અરજી રદ્દ ગણવામાં આવશે.

3 ) ઉક્ત મૂળ જાહેરાતની તમામ જોગવાઇનો યથાવત રહેશે એટલે કે re-open કરાયેલ જાહેરાતમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) કેટેગરીના ઉમેદવાર દ્વારા કરાયેલ અરજી અનુસંધાને ઉમેદવાર વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય લાયકાતો વગેરે મૂળ જાહેરાતની છેલ્લી તારીખ ૧૭/૦૨/૨૦૨૧ સુધીમાં ધરાવતા હોવા જોઇશે. જાતિ પ્રમાણપત્રો સહિત અન્ય તમામ પ્રમાણપત્રોની ચકાસણી પણ મૂળ જાહેરાતની છેલ્લી તારીખ ૧૭/૦૨/૨૦૨૧ ને ધ્યાને લઇ કરવામાં આવશે.

4) સબંધિત ઉમેદવારોને મુળ જાહેરાતની જોગવાઇઓ (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/DA-73-83-202021.pdf) જોઇ લેવાની રહેશે.

5) આ જાહેરાતની અધતન સ્થિતિ નીચે મુજબ રહેશે. અર્થાત નીચેના કોષ્ટક મુજબની જગ્યાઓ માટે હવે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

**જાહેરાત ક્રમાંક ૭૩/૨૦૨૦-૨૧, પેડીયાટ્રીક સર્જરી વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧)**

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

સહી/-
પી. આર. જોષી IAS
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૧૭/૦૫/૨૦૨૧